

# અવારનવાર પૂછાતા પ્રશ્નો
# કાયોટી અંગે જાણકારી રાખો

## બ્રૅમ્પ્ટનમાં જ કેમ કાયોટીઓ ઘણાં દેખાય છે? સિટી તેમનું સ્થળાંતર કેમ નથી કરતા?

- ઘણા લોકો માને છે કે શહેરમાં રસ્તા પર કે ફૂટપાથ પર કાયોટી દેખાવા અસામાન્ય છે હકીકતમાં તે બહુ સામાન્ય બાબત છે. તેઓ ખૂબ અનુકૂલનશીલ પ્રાણીઓ છે અને ગ્રામીણ વિસ્તારોમાં વિકસે છે પરંતુ તેઓ કોતરો, ખીણ પ્રદેશ અને બ્રૅમ્પ્ટન જેવા મોટા શહેરના વન્ય વિસ્તારમાં સારી રીતે જીવી શકે છે.
- કાયોટીનું સ્થળાંતર કરવું અથવા તેનો વધ કરવો એક સારો વિકલ્પ નથી કારણકે તેને કેદ કરવા અતિશય મુશ્કેલ છે અને માત્ર એક હંગામી અભિગમ છે. જો એક કાયોટીને દૂર કરવામાં આવે તો તે વિસ્તારમાં બીજા અનેક આવીને વસી જઈ શકે છે.
- કાયોટીને કેદ કરીને તેનું સ્થળાંતર એક કિલોમીટર કરતા વધુ અંતરે કરવાની ઑન્ટારિયોના ફિશ એન્ડ વાઇલ્ડલાઇફ કન્ઝરવેશન ઍક્ટ હેઠળ પરવાનગી નથી.

## આખા વર્ષ દરમિયાન બ્રૅમ્પ્ટનમાં જ કેમ તે દેખાવાની વધુ ઘટનાઓ બને છે?


- ઋતુના આધારે દેખાવાની વધુ કે ઓછી ઘટનાઓ બનતી હોય છે. દર શિયાળે પર્યાવરણના પરિવર્તનોને કારણે કાયોટી વધુ વખત દેખાઇ આવે છે કારણકે તેઓને ભળવા માટેની જગ્યાઓ ઓછી થતી જાય છે.
- જાન્યુઆરીના ઉત્તરાર્ધથી મધ્ય ફેબ્રુઆરી સુધી તેમની સમાગમની મોસમ હોય છે અને પછી થોડા વખતમાં વસંતમાં બચ્ચા અવતરે છે. આ સમય દરમિયાન કાયોટીઓ છૂટા છવાયા થવાની સંભાવના વધુ છે, કારણકે તેઓ ત્યારે ખાલી હોય તેવી જગ્યા શોધતા હોય છે અથવા સાથીદાર અને રહેવાના સ્થળ શોધે છે.
- દેખાવાની ઘટનાઓ એતલા માટે પણ વધી ગઈ છે કારણકે માનવીય વર્તણૂકોમાં બદલાવ આવ્યો છે જેને પરિણામે કાયોટીઓ ઘરોની પાસે વારંવાર આવતા ખચકાતા નથી (એટલેકે, હાથેથી ખોરાક આપવો, આંગણની સફાઇ ન રાખવી કુતરાને પટ્ટાથી બાંધી ચાલવા જવું).

## મારા ઘર પાસે કાયોટીને આવતા રોકવા માટે મારે શું કરવું જોઇએ?

- **ક્યારેય વન્યજીવોને ખોરાક આપવો નહીં.** તમારી મિલકત પર રહેલ ખોરાકના સ્ત્રોતોથી ઉંદર જેવા જીવો અને નાના પ્રાણીઓ આકર્ષાય છે, જે કાયોટીના ખોરાકના સ્ત્રોતો છે.
- **તમારા ઘરનો કચરો ફક્ત પિક અપના દિવસે જ બહાર મુકવો.** તમારી કચરાની ટોપલીઓ ઢાંકેલી રાખો અને તે એવી જગ્યાએ જ્યાં વન્યજીવ આવી ન શકે.
- **તમારા બગીચાઓ અને વૃક્ષો પરથી પાકા ફળ અથવા શાકભાજી તોડી લેવા જોઇએ.** જમીન પર કોઇપણ સડેલા ફળ પડે તેને દૂર કરી દેવા અને ઋતુના અંતે તમારા બગીચા સાફ કરી દેવા.
- **તમારા પાળેલા પ્રાણીઓને તમારી નજરની બહાર ન રાખવા.** તમારા પાળેલા પ્રાણીને તમારા પોતાના પાછળના આંગણામાં નજર હેઠળ રાખશો તે એમને માટે શ્રેષ્ઠ સંરક્ષણ છે.
- **ડેક કે શેડની નીચેની બાજુએ કોઇપણ ખાલી રહી ગયેલ જગ્યા હોય તેને બંધ કરી દેવી.**

## કાયોટી મારી સામે થાય તો મારે શું કરવું?

- **થોભો.** આવશ્યક હોય તો પાળેલા નાના પ્રાણીઓ કે બાળકોને ઉંચકી લેવા.
- **સ્થિર ઊભા રહો.** ક્યારેય કાયોટીથી દૂર ભાગશો નહીં.
- **પોતાની જાતને છો તેના કરતા કદમાં મોટા દર્શાવવાનો પ્રયાસ કરવો.** આક્રમક દેખાવ, ઊંચા દેખાવાનો પ્રયાસ કરો, હવામાં બન્ને હાથ ઊંચા કરીને
- **મોટા અવાજ કરીને અડગ રહો.** બૂમાબૂમ કરો, પગ પછાડો અથવા તાળી પાડો. અવાજ કરવાના સાધનો સાથે રાખો જેમકે સિસોટી, પ્લાસ્ટિકની થેલી કે છત્રી જેથી મોટા અવાજ કરી શકાય.
- **લડત આપો.** કાયોટીની દિશામાં લાકડીના ટૂકડા કે પત્થર કાયોટીની દિશામાં ફેંકો જેથી તે રોકાય અને ડરે. કાયોટી પર સીધું ફેંકવું નહીં.
- **પછી ધીમે ધીમે પાછળની તરફ ખસતા રહો. હંમેશા એની આંખો સાથે આંખ મિલાવો અને યાદ રાખો ક્યારેય ક્યારેય ભાગવું નહીં.**



તમને ભારપૂર્વક સલાહ છે કે આ બધું તમારા બાળકોને જણાવો જેથી તેમને પણ જાણકારી મળે કે કાયોટીને સુરક્ષિત રીતે કેમ પ્રતિભાવ આપી શકાય. એવો પ્રસંગ આવે કે કાયોટીથી જાહેર સુરક્ષા માટે ભય ઊભો થાય તો **911 પર કૉલ કરો.**

City of Brampton
**Animal Services**

કાયોટી સાથે સહ-અસ્તિત્વ અંગેની વધુ માહિતી માટે અહીં સંપર્ક કરવા વિનંતી છે.

કુદરતી સંસાધનો અને વનીકરણ મંત્રાલય (Ministry of Natural Resources and Forestry)
**www.ontario.ca/mnrf**
**1-800-667-1940**

કાયોટી વૉચ કૅનેડા
Coyote Watch Canada
**www.coyotewatchcanada.com**
**905-931-2610**

સીટી ઓફ બ્રૅમ્પટન એનિમલ સર્વિસિસ 475 ક્રિસ્લર ડ્રાઇવ (Chrysler Drive)
**www.brampton.ca/animalservices**
**905-458-5800**

311 **brampton.ca**/animalservices

BRAMPTON